**Extra No. 409**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]    THURSDAY, DECEMBER 11, 2025 / AGRAHAYANA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)**

**ગાંધીનગર**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઊર્જાની પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૨૫**

**સન ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: ૦૭**

**જીઈઆરસી/૨૦૨૫/૧૧/લીગલ/૨૪૦૦:** ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઊર્જાની પ્રાપ્તિ) વિનિયમો, સન ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: ૦૭ નો ગુજરાતી અનુવાદ માત્ર સર્વે લોકોની જાણ અર્થે છે અને સદરહુ વિનિયમો, ૨૦૨૫ ના અંગ્રેજી મુસદ્દાને અર્થઘટન અર્થે અધિકૃત ગણવો.

**રંજીથકુમાર જે.**, આઈએએસ

સચિવ.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૦/૧૨/૨૦૨૫

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

**ગાંધીનગર**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઊર્જાની પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૨૫**

**૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક ૦૭**

**જીઈઆરસી/૨૦૨૫/૦૭/લીગલ/૧૪૭૫**: વીજ અધિનિયમ, ૨૦૦૩ (અધિનિયમ ક્રમાંક ૩૬ નો ૨૦૦૩)ની કલમ ૧૮૧ હેઠળ અપાયેલી સત્તાઓ હેઠળ તથા તેની કલમ ૬૧ અને ૮૬ અંતર્ગત, તેમજ ઊર્જા સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૧ અને તેના સુધારા અધિનિયમ, ૨૦૦૭ અને સુધારા અધિનિયમ, ૨૦૨૨ હેઠળ પ્રાપ્ત સત્તાઓ તથા વીજ મંત્રાલય (MoP) ની સૂચના ક્રમાંક ૪૬૧૭ (E), તારીખ ૨૮/૧૦/૨૦૦૩ ને લક્ષમાં લઈને તથા આ સંદર્ભે પ્રાપ્ત સક્ષમ સત્તાઓ અંતર્ગત અને અગાઉના પ્રકાશન પછી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, આ સાથે નીચેના વિનિયમો ઘડે છે.

**પ્રકરણ ૧ પ્રારંભિક**

**૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને આરંભ:-**

(૧) આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઊર્જાની પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) આ વિનિયમો ગુજરાત રાજ્યના સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થયાની તારીખથી અમલમાં આવશે.

(૩) આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે.

**૨. વ્યાખ્યાઓ-**

(૧) આ વિનિયમોમાં, સંદર્ભથી અન્યથા અભિપ્રેત ન હોય ત્યાં સુધી,

(ક) "અધિનિયમ" એટલે વીજ અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો); જેમાં સમયાંતરે કરવામાં આવેલા સુધારણાઓનું વાંચન થાય છે.

(ખ) "કેન્દ્રીય એજન્સી" એટલે, હવે પછી જેમને સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ તરીકે ઓળખવામાં આવશે તે કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો અંગેની શરતો) વિનિયમો, ૨૦૨૨ના વિનિયમ-૩માં ઉલ્લેખિત એજન્સી.

(ગ) "કેન્દ્રીય આયોગ" એટલે વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૭૬ની પેટા-કલમ (૧) માં ઉલ્લેખિત કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ.

(ઘ) "પ્રમાણપત્ર" એટલે જ્યારે પણ સંદર્ભથી અભિપ્રેત હોય ત્યારે, સીઈઆરસી (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો માટેની શરતો) વિનિયમો, ૨૦૨૨ને આ વિનિયમો સાથે વાંચતાં, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ કાર્યપદ્ધતિ સહિત, તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ હેઠળ, કેન્દ્રીય અજન્સી દ્વારા આપવામાં આવેલ નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્ર, જેમાં સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૧૦ હેઠળ આપવામાં આવેલા આવાં પ્રમાણપત્રોનો પણ સમાવેશ થશે;

(ચ) "સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૧૦" એટલે કેન્દ્રીય વિદ્યુત નિયંત્રણ આયોગ (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રની માન્યતા અને તે બહાર પાડવા માટેની શરતો) વિનિયમો, ૨૦૧૦, જેમાં તેના સુધારાઓનો સમાવેશ થાય છે.

(છ) "સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨" એટલે કેન્દ્રીય વિદ્યુત નિયંત્રણ આયોગ (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્ર માટેની શરતો) વિનિયમો, ૨૦૨૨, જેમાં સમયાંતરે તેમાં થયેલા સુધારાઓનો સમાવેશ થાય છે.

(જ) "આયોગ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ;

(ઝ) "કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટ" (સીપીજી) એટલે કોઈપણ વ્યક્તિ દ્વારા મુખ્યત્વે પોતાના ઉપયોગ માટે વીજળી ઉત્પન્ન કરવા માટે સ્થાપિત કરવામાં આવેલ વીજ પ્લાન્ટ અને તેમાં કોઈપણ સહકારી મંડળી અથવા વ્યક્તિઓના સંગઠન દ્વારા, મુખ્યત્વે આવી સહકારી મંડળી અથવા સંગઠનના સભ્યોના ઉપયોગ માટે વીજળી ઉત્પન્ન કરવા માટે સ્થાપિત વીજ પ્લાન્ટનો સમાવેશ થાય છે.

(ટ) "પ્રતિનિયુક્ત ગ્રાહકો" એટલે એવા ગ્રાહકો જેમનો ઉલ્લેખ વખતોવખત સુધારવામાં આવેલા 'ઊર્જા સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૧'ની કલમ ૧૪ના ખંડ (ચ) હેઠળની અનુસૂચિમાં 'પ્રતિનિયુક્ત ગ્રાહક' તરીકે કરવામાં આવ્યો છે.

(ઠ) "વિતરિત નવીનીકરણ ઊર્જા ઘટક" એટલે, કદમાં ૧૦ મેગાવોટ કરતા ઓછા હોય એવા નવીનીકરણ ઊર્જા પરિયોજનામાંથી ઉત્પન્ન થતી ઊર્જા અને તેમાં કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ તમામ પ્રકારના રૂપરેખાંકનો (કોન્ફીગરેશન્સ) હેઠળનાં સૌર સ્થાપનોનો સમાવેશ થાય છે:

જો કે વિતરિત નવીનીકરણ ઊર્જા સામેનું અનુપાલન, સામાન્ય રીતે ઊર્જા (કિલોવોટ કલાક એકમો)ના સંદર્ભમાં ધ્યાનમાં લેવામાં આવશે:

વધુમાં, જો જવાબદાર સંસ્થા, વિતરિત નવીનીકરણ ઊર્જા સ્થાપનો સામે ઉત્પાદન ડેટા પૂરો પાડી શકે તેમ ન હોય, તો જણાવવામાં આવેલ ક્ષમતાને ઊર્જાના સંદર્ભમાં, વિતરિત નવીનીકરણ ઊર્જા ઉત્પાદનમાં પ્રતિ કિલોવોટ પ્રતિ દિવસ ૩.૫ યુનિટ (KWh/KW/દિવસ)ના ગુણક દ્વારા રૂપાંતરિત કરવામાં આવશે.

(ડ) "ગ્રીન એનર્જી/નવીનીકરણ ઊર્જા" એટલે ઊર્જાના નવીનીકરણ સ્ત્રોતોમાંથી મળતી વિદ્યુત ઊર્જા, જેમાં હાઇડ્રો અને સ્ટોરેજ (જો સ્ટોરેજમાં નવીનીકરણ ઊર્જાનો ઉપયોગ થતો હોય તો) અથવા ભારત સરકાર દ્વારા વખતોવખત નિર્દિષ્ટ કરવામાં આવતી કોઈપણ અન્ય તકનીકનો સમાવેશ થશે, અને તેમાં ગ્રીન હાઇડ્રોજન અથવા ગ્રીન એમોનિયા અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવતા કોઈપણ અન્ય સ્ત્રોતોના ઉત્પાદન સહિત, વીજળી (ગ્રીન એનર્જીને મુક્તરીતે સુલભ બનાવીને નવીનીકરણ ઊર્જાને પ્રોત્સાહન), નિયમો ૨૦૨૨ના નિયમ-૪ના પેટા-નિયમ (૨)ના ખંડ-G ની જોગવાઈ અનુસાર, અશ્મિભૂત ઈંધણના સ્થાને ગ્રીન એનર્જીનો ઉપયોગ કરતી કોઈપણ પદ્ધતિનો પણ સમાવેશ થશે.

(ઢ) "હાઇડ્રો રિન્યુએબલ ઓબ્લિગેશન (એચપીઓ)" એટલે જેની પૂર્તિ માત્ર ૩૧ માર્ચ, ૨૦૨૪ પછી શરૂ કરાયેલ જળવિદ્યુત પરિયોજનાઓ [પંપ સ્ટોરેજ પરિયોજનાઓ (PSPs) અને નાની જળવિદ્યુત પરિયોજનાઓ (SHPs) સહિતમાંથી ઉત્પાદિત ઊર્જા દ્વારા જ કરવાની છે એવા નવીનીકરણ જળઊર્જા ઘટક.

પરંતુ ૩૧ માર્ચ, ૨૦૨૪ પછી શરૂ કરાયેલ જળવિદ્યુત પરિયોજનાઓમાંથી રાજ્ય/ડિસ્કોમને પૂરી પાડવામાં આવતી વિનામૂલ્ય વીજળીમાંથી પણ નવીનીકરણ જળવિદ્યુત ઊર્જા ઘટકની પૂર્તિ કરી શકાશે;

વધુમાં, કેન્દ્ર સરકાર દ્વારા કેસ-ટુ-કેસ ધોરણે મંજૂર કરવામાં આવ્યા મુજબની, ભારતની બહાર આવેલી જળવિદ્યુત પરિયોજનાઓમાંથી પણ હાઇડ્રો રિન્યુએબલ એનર્જીની પૂર્તિ કરી શકાશે.

(ણ) "નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્ર તંત્ર" અથવા "આરઈસી તંત્ર" એટલે સીઈઆરસી (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્ર માટેની શરતો) વિનિયમો, ૨૦૨૨, હેઠળ વખતોવખત રચવામાં આવેલ તંત્ર. "નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારી" અથવા "આરપીપીઓ" એટલે આ આરપીપીઓ વિનિયમો, ૨૦૨૫ની જોગવાઈઓ અનુસાર અનુપાલન કરનાર સંસ્થા દ્વારા પૂર્ણ કરવામાં આવતી નવીનીકરણવીજ ખરીદીસંબંધી જવાબદારીઓ;

(ત) "આરપીપીઓ વિનિયમો, ૨૦૧૦" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઊર્જા પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૧૦ અને તેના સુધારા;

(થ) "જવાબદાર સંસ્થા" (Obligated Entity) એટલે નવીનીકરણખરીદીસંબંધી જવાબદારી પૂરી કરવા માટે અધિનિયમની કલમ ૮૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ચ) હેઠળ જવાબદાર સંસ્થા/વ્યક્તિ, જેમાં વિતરણ પરવાનાધારક, કેપ્ટિવ ગ્રાહક/વપરાશકર્તા અને મુક્ત પ્રવેશ કરનાર ગ્રાહકનો સમાવેશ થાય છે.

(દ) "ખુલ્લો પ્રવેશ" એટલે, યોગ્ય આયોગ દ્વારા નિર્દિષ્ટ વિનિયમો અનુસાર, કોઈપણ લાઇસન્સધારકો અથવા ગ્રાહકો અથવા ઉત્પાદનમાં રોકાયેલ વ્યક્તિ દ્વારા ટ્રાન્સમિશન લાઈન અને/અથવા વિતરણ પ્રણાલી અથવા આવી લાઇનો અથવા પ્રણાલી સાથે જોડાયેલી સુવિધાઓના ઉપયોગ માટે બિન-ભેદભાવપૂર્ણ જોગવાઈઓ.

(ધ) "વ્યક્તિ"માં કોઈપણ કંપની અથવા કોર્પોરેટ સંસ્થા અથવા સંગઠન અથવા વ્યક્તિઓનું જૂથ, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય, અથવા તે કૃત્રિમ ન્યાયિક વ્યક્તિ હોય.

(ન) "પાવર એક્સચેન્જ" એટલે કેન્દ્રીય વિદ્યુત નિયંત્રણ આયોગ (વીજ બજાર) વિનિયમો, ૨૦૨૧ના વિનિયમ-૨ના ખંડ (૧)ના પેટા ખંડ (as) હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલ વીજ વિનિમય.

(પ) "રાજ્ય એજન્સી" એટલે આ વિનિયમોના વિનિયમ-૭ માં ઉલ્લેખિત એજન્સી.

(ફ) "વર્ષ" એટલે કેલેન્ડર વર્ષની ૧લી એપ્રિલથી શરૂ થતો અને તરત પછીના કેલેન્ડર વર્ષની ૩૧મી માર્ચે સમાપ્ત થતો સમયગાળો.

(૨) આ વિનિયમોમાં પ્રયોજાયેલા અને અહીં વ્યાખ્યાયિત ન કરવામાં આવેલા અને કેન્દ્રીય આયોગ દ્વારા ઘડવામાં આવેલા અધિનિયમ અથવા નિયમો અથવા વિનિયમો અથવા આયોગ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ અન્ય વિનિયમોમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હોય તેવા શબ્દો અને અભિવ્યક્તિઓનો અર્થ, અનુક્રમે આ અધિનિયમ અથવા કેન્દ્રીય આયોગ અથવા આયોગ દ્વારા ઘડવામાં આવેલા આવા અન્ય વિનિયમોમાં કરવામાં આવ્યો છે તેવો જ કરવાનો રહેશે.

૩. નવીનીકરણ વીજ ખરીદીસંબંધી જવાબદારી (રિન્યુએબલ પાવર પર્ચેઝ ઓબ્લિગેશન (આરપીઓ) લાગુ પાડવાની પાત્રતા - આ વિનિયમો હેઠળ ઉલ્લેખિત નવીનીકરણ ઊર્જા ખરીદીસંબંધી જવાબદારી (આરપીઓ) ગુજરાતની અંદર વિતરણ લાઇસન્સધારકો, ઓપન એક્સેસ ગ્રાહકો અને સ્થાપિત (કેપ્ટિવ) વપરાશકર્તાઓને આવરી લેતી તમામ જવાબદાર સંસ્થાઓને લાગુ પડશે, અને તેમાં નીચેનાનો પણ સમાવેશ થશે:

(ક) પરંપરાગત સ્ત્રોતો (એટલે કે નવીનીકરણ ઊર્જા સ્ત્રોતો સિવાયના)માંથી ઓપન એક્સેસ દ્વારા અથવા અન્યથા મેળવેલી વીજળીનો ઉપયોગ કરતી કોઈપણ વ્યક્તિ;

(ખ) પરંપરાગત ટેકનોલોજી (એટલે કે કોઈપણ નવીનીકરણ ઊર્જા ટેકનોલોજી સિવાયની) પર આધારિત ૧૦૦ KW થી વધુ સ્થાપિત ક્ષમતા સાથેના કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટ સ્થાપિત કરાનાર અને તેના સામાન્ય વીજ સ્ત્રોતમાં વીજ કાપ/બ્રેકડાઉન વગેરેના અપવાદરૂપ સંજોગોમાં તેની સ્ટેન્ડબાય (અથવા કટોકટી માટેની બેકઅપ) જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આવા પ્લાન્ટમાંથી વીજળીનો ઉપયોગ કરનાર કોઈપણ વ્યક્તિ; અને/અથવા

(ગ) પરંપરાગત ટેકનોલોજી (એટલે કે નવીનીકરણ ઊર્જા ટેકનોલોજી સિવાય) પર આધારિત ૧૦૦ KW થી વધુ સ્થાપિત ક્ષમતા સાથે કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટ સ્થાપિત કરનાર અને તેની સ્ટેન્ડબાય (અથવા કટોકટી માટેની બેક-અપ) જરૂરિયાતો સિવાય તેની સામાન્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આવા પ્લાન્ટમાંથી વીજળીનો ઉપયોગ કરનાર કોઈપણ વ્યક્તિ:

પરંતુ, ખંડ (ક), (ખ) અને (ગ)માં કરવામાં આવેલ જોગવાઇ સિવાય, વિતરણ લાઇસન્સધારક દ્વારા પૂરી પાડવામાં આવતી વીજળીનો ઉપયોગ કરતા વિતરણ લાઇસન્સધારકના છૂટક ગ્રાહકને, વિતરણ લાઇસન્સધારકના છૂટક ગ્રાહક તરીકેની તેની હેસિયતથી તે જેટલા પ્રમાણમાં વીજ વપરાશ કરતો હોય તેટલા પ્રમાણમાં જવાબદાર સંસ્થા તરીકે ગણવામાં આવશે નહીં.

વધુમાં, ખંડ (ખ) અને (ગ) હેઠળની મુક્તિઓ, ઊર્જા સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૧ હેઠળ જે નિર્ધારિત વપરાશકર્તાઓ તરીકે વ્યાખ્યાયિત થયેલ છે તેવી, અનુપાલન કરતી સંસ્થાઓને લાગુ પડશે નહીં. નિર્ધારિત વપરાશકર્તાઓને તેમના કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના આરપીઓનું પાલન કરવું ફરજિયાત રહેશે.

૪. નવીનીકરણ વીજ ખરીદી જવાબદારી (રિન્યુએબલ પાવર પર્ચેઝ ઓબ્લિગેશન (આરપીપીઓ))નું પ્રમાણ

(૧) જવાબદાર સંસ્થા, દર વર્ષ દરમિયાન, નવીનીકરણસ્રોતો અને સંગ્રહમાંથી, નીચે આપેલ કોષ્ટક-૧ અને કોષ્ટક-૨ મુજબ ગણી કાઢવામાં આવેલ પ્રમાણ (KWhમાં) કરતાં ઓછી ન હોય તેટલી વીજળીના જથ્થા (KWhમાં)ની ખરીદી કરશે અથવા તેટલો જથ્થો ઉત્પન્ન કરશે અને તેનો વપરાશ કરશે, જે:

**કોષ્ટક-૧**

| નવીનીકરણ સ્ત્રોતોની કુલ વપરાશમાંથી ખરીદીના ન્યૂનતમ પ્રમાણની ટકાવારી (%) (KWh)માં ઊર્જાની દ્રષ્ટિએ) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમાંક** | **વર્ષ** | **નવીનીકરણ પવન ઊર્જા** | **નવીનીકરણ જળ ઊર્જા** | **વિતરિત નવીનીકરણ ઊર્જા** | **અન્ય નવીનીકરણ ઊર્જા** | **કુલ નવીનીકરણ ઊર્જા** |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૨૦૨૪-૨૫ | ૦.૬૭% | ૦.૩૮% | ૧.૫૦% | ૨૭.૩૫% | **૨૯.૯૧%** |
| ૨. | ૨૦૨૫-૨૬ | ૧.૪૫% | ૧.૨૨% | ૨.૧૦% | ૨૮.૨૪% | **૩૩.૦૧%** |
| ૩. | ૨૦૨૬-૨૭ | ૧.૯૭% | ૧.૩૪% | ૨.૭૦% | ૨૯.૯૪% | **૩૫.૯૫%** |
| ૪. | ૨૦૨૭-૨૮ | ૨.૪૫% | ૧.૪૨% | ૩.૩૦% | ૩૧.૬૪% | **૩૮.૮૧%** |
| ૫. | ૨૦૨૮-૨૯ | ૨.૯૫% | ૧.૪૨% | ૩.૯૦% | ૩૩.૧૦% | **૪૧.૩૬%** |
| ૬. | ૨૦૨૯-૩૦ | ૩.૪૮% | ૧.૩૩% | ૪.૫૦% | ૩૪.૦૨% | **૪૩.૩૩%** |

**નોંધ ૧:** નવીનીકરણ પવન ઊર્જા ઘટક ૩૧ માર્ચ, ૨૦૨૪ પછી શરૂ કરાયેલ પવન ઊર્જા પરિયોજનાઓ માંથી ઉત્પાદિત ઊર્જા દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**નોંધ ૨:** નવીનીકરણ જળ ઊર્જા ઘટક ફક્ત ૩૧ માર્ચ, ૨૦૨૪ પછી શરૂ કરાયેલા જળવિદ્યુત પરિયોજનાઓ [પંપ સ્ટોરેજ પરિયોજનાઓ (PSPs) અને નાની જળવિદ્યુત પરિયોજનાઓ (SHPs)] માંથી ઉત્પાદિત ઊર્જા દ્વારા પૂર્ણ કરવામાં આવશે:

પરંતુ ૩૧ માર્ચ, ૨૦૨૪ પછી શરૂ કરાયેલા જળવિદ્યુત પરિયોજનાઓમાંથી રાજ્ય/ડિસ્કોમને પૂરી પાડવામાં આવતી વિનામૂલ્ય વીજળીમાંથી નવીનીકરણ જળ ઊર્જા ઘટક પણ પૂર્ણ કરી શકાશે:

વધુમાં, જો કે કેન્દ્ર સરકાર દ્વારા કેસ-ટુ-કેસ ધોરણે મંજૂર કરાયેલા, ભારતની બહાર આવેલ જળવિદ્યુત પરિયોજનાઓમાંથી પણ નવીનીકરણ જળ ઊર્જા ઘટક પૂર્ણ કરી શકાશે.

**નોંધ ૩:** વિતરિત નવીનીકરણ ઊર્જા ઘટક ફક્ત ૧૦ મેગાવોટથી ઓછી ક્ષમતાવાળી નવીનીકરણ ઊર્જા પરિયોજનાઓમાંથી ઉત્પન્ન થતી ઊર્જાથી જ પૂર્ણ કરવાનો રહેશે અને તેમાં કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ તમામ રૂપરેખાંકનો હેઠળનાં સૌર સ્થાપનોનો સમાવેશ થશે:

પરંતુ વિતરિત નવીનીકરણ ઊર્જા સામેનું અનુપાલન સામાન્ય રીતે ઊર્જા (કિલોવોટ કલાક એકમો)ના સંદર્ભમાં ધ્યાને લેવામાં આવશે:

વધુમાં, જો નામનિયુક્ત ગ્રાહક વિતરિત નવીનીકરણ ઊર્જા સ્થાપનો સામે ઉત્પાદન ડેટા પૂરો ન પાડે, તો જણાવવામાં આવેલ ક્ષમતાને ઊર્જાના સંદર્ભમાં વિતરિત નવીનીકરણ ઊર્જા ઉત્પાદનમાં પ્રતિ કિલોવોટ ૩.૫ યુનિટ પ્રતિ દિવસ (KWh/KW/દિવસ)ના ગુણાંકથી રૂપાંતરિત કરવામાં આવશે.

**નોંધ ૪:** ઉપરોક્ત નોંધ ૧, ૨ અને ૩માં જણાવ્યા છે તે સિવાયની કોઈપણ નવીનીકરણ ઊર્જા વીજ પરિયોજનામાંથી ઉત્પાદિત ઊર્જા દ્વારા અન્ય નવીનીકરણ ઊર્જા ઘટકને પૂર્ણ કરી શકાશે અને તેમાં તમામ પવન ઊર્જા પરિયોજનાઓ અને જળવિદ્યુત પરિયોજનાઓ [પંપ સ્ટોરેજ પરિયોજનાઓ (PSPs) અને નાની જળવિદ્યુત પરિયોજનાઓ (SHPs) સહિત] માંથી ઊર્જાનો સમાવેશ થશે, જેમાં ૧ એપ્રિલ, ૨૦૨૪ પહેલાં કાર્યરત કરવામાં આવેલ વિનામૂલ્ય વીજળી અને બાયોમાસ, બગાસે સહ-ઉત્પાદન વીજ પરિયોજનાઓ અને એમએસડબલ્યુ આધારિત વીજ પરિયોજનાઓ વગેરેમાંથી ઉત્પાદિત ઊર્જાનો સમાવેશ થશે.

(૨) કોઇ ચોક્કસ વર્ષમાં નિર્ધારિત નવીનીકરણ પવન ઊર્જાની ખૂટતી વપરાશ, જે તે વર્ષ માટેની અધિક નવીનીકરણ જળ ઊર્જા ઘટકથી પૂરી કરી શકાશે અને કોઇ ચોક્કસ વર્ષમાં નિર્ધારિત નવીનીકરણ જળ ઊર્જાની ખૂટતી વપરાશ, જે તે વર્ષ માટેની અધિક નવીનીકરણ પવન ઊર્જા ઘટકથી પૂરી કરી શકાશે.

(૩) તે વર્ષમાં નવીનીકરણ પવન ઊર્જા અથવા નવીનીકરણ જળ ઊર્જા ઘટક હેઠળ બાકીનો વધારાનો ઊર્જા વપરાશ, અન્ય નવીનીકરણ ઊર્જા ઘટકના ભાગ રૂપે ગણી શકાશે.

(૪) કોઇ ચોક્કસ વર્ષમાં અન્ય નવીનીકરણ ઊર્જા ઘટક હેઠળ કોઈપણ વધારાની ઊર્જાના વપરાશનો ઉપયોગ, નિર્ધારિત નવીનીકરણ પવન ઊર્જા અથવા નવીનીકરણ જળ ઊર્જાની વપરાશ હાંસલ કરવા માટે ખૂટતી ઊર્જાને પૂર્ણ કરવા માટે થઈ શકશે.

(૫) જવાબદાર સંસ્થા જે ઓપન એક્સેસ ગ્રાહકો છે અથવા કેપ્ટિવ વીજ પ્લાન્ટ ધરાવતા ગ્રાહકો છે તેઓ બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતને ધ્યાનમાં લીધા વિના, નિર્દિષ્ટ કુલ નવીનીકરણ ઊર્જાનાં લક્ષ્ય મુજબ તેમની જવાબદારી પૂર્ણ કરશે.

(૬) નિર્દિષ્ટ નવીનીકરણ ઊર્જા વપરાશનાં લક્ષ્યો સીધાં અથવા ૨૪ મે, ૨૦૨૨ના રોજ ભારતના ગેઝેટ, અસાધારણ, ભાગ-૩, કલમ-૪માં પ્રકાશિત થયેલ કેન્દ્રીય વિદ્યુત નિયંત્રણ આયોગ (નવીનીકરણ ઊર્જા ઉત્પાદન માટે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો માટેના વિનિયમો અને શરતો) વિનિયમો, ૨૦૨૨ અનુસાર પ્રમાણપત્ર દ્વારા પૂર્ણ કરવાના રહેશે.

પરંતુ નિર્દિષ્ટ નવીનીકરણ ઊર્જા વપરાશ લક્ષ્યોમાં કોઈપણ ખાધને બિનઅનુપાલન ગણવામાં આવશે અને ઊર્જા સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૧ની કલમ ૨૬ની પેટા-કલમ (૩) હેઠળ નિર્દિષ્ટ દરે દંડ લાગુ પડશે.

(૧) વપરાયેલ કુલ ઊર્જાની નીચે મુજબની ટકાવારી એ નીચે કોષ્ટક-૨માં દર્શાવેલ મુજબ સંગ્રહ સાથેની/થકીની નવીનીકરણ ઊર્જા હશે.

**કોષ્ટક-૨**

| ના.વ. | સંગ્રહ (ઊર્જાના આધારે) |
|---|---|
| ૨૦૨૪-૨૫ | ૧.૦% |
| ૨૦૨૫-૨૬ | ૧.૫% |
| ૨૦૨૬-૨૭ | ૨.૦% |
| ૨૦૨૭-૨૮ | ૨.૫% |
| ૨૦૨૮-૨૯ | ૩.૦% |
| ૨૦૨૯-૩૦ | ૩.૫% |

(૨) ઉપરોક્ત કોષ્ટક-૨માં દર્શાવેલ ઊર્જા સંગ્રહ જવાબદારીની ગણતરી, ઊર્જાના સંદર્ભમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી તરીકે કરવામાં આવશે અને તેને ત્યારે જ પૂર્ણ ગણવામાં આવશે જ્યારે વાર્ષિક ધોરણે ઊર્જા સંગ્રહ પ્રણાલીમાં સંગ્રહિત કુલ ઊર્જાના ઓછામાં ઓછા ૮૫% નવીનીકરણ ઊર્જા સ્ત્રોતોમાંથી મેળવવામાં આવ્યો હોય.

(૩) નવીનીકરણ સ્ત્રોતોમાંથી જેટલા પ્રમાણમાં ઊર્જા સંગ્રહિત થઇ હશે તેટલા પ્રમાણમાં ઊર્જા સંગ્રહ જવાબદારીને ઉપરોક્ત કોષ્ટક-૧માં દર્શાવેલ કુલ આરપીપીઓની પરિપૂર્ણતાના ભાગ તરીકે ગણવામાં આવશે.

(૪) વિનિયમ ૪ હેઠળ ઉપરોક્ત કોષ્ટક-૧માં જણાવેલ દરેક શ્રેણી માટે નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારી માટેની લઘુત્તમ ટકાવારી, આ વિનિયમોમાં જણાવેલ શરતોને અધીન અલગથી પૂર્ણ કરવાની રહેશે.

(૫) અગાઉ સુધારવામાં આવી હોય તે સિવાય, વિનિયમ ૪માં સમાવિષ્ટ જોગવાઈઓ ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધીના સમયગાળા માટે લાગુ પડશે:

પરંતુ ૩૧ માર્ચ, ૨૦૩૦ પછીના સમયગાળા માટેની જોગવાઈઓ ઉપરોક્ત તારીખ પહેલાં જણાવવામાં ન આવે, તો વર્ષ ૨૦૨૯-૨૦૩૦ને લગતી જોગવાઈઓ, તે સમયગાળા માટે આવી જોગવાઈઓનું જાહેરનામું બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી લાગુ રહેશે.

(૭) જવાબદાર સંસ્થાની વપરાશની ગણતરી નીચેની બાબતોને ધ્યાનમાં લઈને કરવામાં આવશે, એટલે કે:-

(૧) અન્ય બાબતોની સાથે, ઊર્જા વિનિમય દ્વારા અને અન્ય પરિયોજનાઓ વગેરે મારફત વીજ ખરીદી કરાર(રો) હેઠળની ખરીદીઓ સહિત, જુદા જુદા સ્ત્રોતોમાંથી ખરીદેલી/વપરાશ કરાયેલ કુલ ઊર્જા.

(૨) વીજ પ્લાન્ટ્સમાંથી વપરાયેલી ઊર્જા (સહાયક વપરાશ સિવાય), જે ફક્ત તેની માલિકીની અથવા સંયુક્ત માલિકીનાં હોય. આમાં સ્ટેન્ડબાય જનરેટિંગ સેટ (ટો) નો પણ સમાવેશ થશે.

(૩) ખંડ (૧) અને (૨)ના સંબંધમાં ખરીદી/ઉત્પાદનના બિંદુથી વપરાશના બિંદુ સુધી વીજળીના પરિવહન માટે લાગુ પડતું ટ્રાન્સમિશન અને વિતરણસંબંધી નુકસાન (ટૂંકમાં ટી એન્ડ ડી નુકસાન) આરપીપીઓ અને તેની પરિપૂર્ણતા નક્કી કરતી વખતે જવાબદાર સંસ્થા દ્વારા વપરાશના ભાગ તરીકે ગણવામાં આવશે;

(૪) અન્ય બાબતોની સાથે, ખરીદી/ઉત્પાદનના બિંદુથી વેચાણના બિંદુ સુધી વીજળીના પરિવહન માટે, આ રીતે ખરીદવા/ઉત્પન્ન કરવામાં આવેલ ઊર્જામાંથી ટ્રાન્સમિશન અને વિતરણ નુકસાન સહિત ઊર્જાનું વેચાણ બાકાત રાખવામાં આવશે:

પરંતુ આવા નુકસાનને અલગથી ઓળખવાનું શક્ય ન હોય, તો ખંડ (૩) મુજબ સરેરાશ ટી એન્ડ ડી નુકસાન ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) બેંકિંગ વ્યવસ્થા(ઓ)ના કિસ્સામાં, વિતરણ લાઇસન્સધારક દ્વારા બેંક કરાયેલ/પરત કરાયેલ ઊર્જાને ખંડ (૪) હેઠળ વેચાણ તરીકે ગણવામાં આવશે અને પ્રાપ્ત થયેલી ઊર્જાને ખંડ (૧) અને (૩) હેઠળ ખરીદેલી ગણવામાં આવશે.

(૮) કોઈપણ વ્યક્તિ/ગ્રાહક જે ઓપન એક્સેસ દ્વારા કરવામાં આવતી ખરીદી સહિત, પરંતુ વિતરણ લાઇસન્સધારકના ગ્રાહક તરીકેની તેની ક્ષમતા સિવાય કોઈપણ સ્ત્રોત (ઉત્પાદન/ખરીદી)માંથી અથવા કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટમાંથી વપરાશ દ્વારા વીજળીનો ઉપયોગ કરે છે તેને, આ વિનિયમો હેઠળની જોગવાઈઓને આધીન રહીને, આવા સ્ત્રોતોમાંથી તેની વપરાશના સંદર્ભમાં, આ વિનિયમ હેઠળ કોષ્ટક-૧ અને કોષ્ટક-૨ માં આપેલા સંગ્રહ જવાબદારીમાં પૂરા પાડવામાં આવેલ આરપીપીઓ લાગુ પડશે.

પરંતુ જવાબદાર સંસ્થા દ્વારા ખરીદવામાં આવેલ/ઉત્પાદિત અને વપરાશમાં લેવાયેલી ઊર્જાની ગોઠવણી નવીનીકરણ સ્ત્રોતો સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી કરવામાં આવી હોવાનું માનવામાં આવશે, સિવાય કે આવી જવાબદાર સંસ્થા રાજ્ય એજન્સીને સંતોષ થાય એવી રીતે સ્થાપિત કરે કે આવી ઊર્જા નવીનીકરણ સ્ત્રોતોમાંથી મેળવવામાં આવી હતી.

(૯) આયોગ, વીજ પુરવઠાની મર્યાદાઓ અથવા જવાબદાર સંસ્થા(ઓ)નાં નિયંત્રણ બહારનાં અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને અથવા કોઈપણ તાકીદનાં કારણોસર, સ્વેચ્છાએ અથવા જવાબદાર સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવ્યેથી, આવા નવીનીકરણ ઊર્જા અથવા નવીનીકરણ પ્રમાણપત્રોની ઉપલબ્ધતાના અભાવને લક્ષમાં લઈને, આ વિનિયમોના વિનિયમ ૪ મુજબ જે માટે નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે તે આરપીપીઓની કોઈપણ એક અથવા વધુ શ્રેણીઓના સંદર્ભમાં, એક વર્ષ(ર્ષો) માટે ટકાવારી લક્ષ્યોમાં સુધારો કરી શકે છે અથવા આ વિનિયમોના વિનિયમ-૪ હેઠળ જેની છૂટ આપવામાં આવી છે તેના કરતા વધુ આંતર-શ્રેણી ગોઠવણની પરવાનગી આપી શકે છે.

૫. નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારીઓ (આરપીપીઓ) પૂરી કરવા બાબત -

(૧) દરેક જવાબદાર સંસ્થા, આ વિનિયમોના વિનિયમ-૪માં જણાવ્યા મુજબ, તેમની નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારીઓ વાર્ષિક ધોરણે, દરેક શ્રેણીઓ (જેમ કે પવન ઊર્જા, જળવિદ્યુત ખરીદી, વિતરિત નવીનીકરણ ઊર્જા, અન્ય નવીનીકરણ ઊર્જા તેમજ નવીનીકરણ ઊર્જા તેમજ સંગ્રહ) હેઠળ અલગથી પૂરી કરશે:

પરંતુ જવાબદાર સંસ્થા, દરેક શ્રેણી હેઠળ ત્રિમાસિક ધોરણે આરપીપીઓને પૂરી કરવાનો પ્રયાસ કરશે.

(૨) જવાબદાર સંસ્થા આ વિનિયમોના વિનિયમ-૪માં જણાવ્યા મુજબ, નવીનીકરણ ઊર્જા ખરીદી જવાબદારીઓ (RPPO) સંબંધિત શ્રેણીઓને લગતી જવાબદારી (RPPO), સંબંધિત નવીનીકરણસ્રોતોમાંથી પૂર્ણ કરી શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે, એટલે કે. -

(૧) નવીનીકરણ સ્ત્રોતો પર આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી ઊર્જાની ખરીદી;

(૨) નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઉદ્ભવતી વીજળીના વિનિમયને સરળ બનાવતી કોઈપણ અન્ય વ્યક્તિ અથવા કોઈપણ પ્લેટફોર્મ પાસેથી ઊર્જાની ખરીદી;

(૩) કેન્દ્ર સરકાર દ્વારા વખતોવખત નિર્દિષ્ટ કરવામાં આવેલ શરત અને મર્યાદાને અધીન રહીને, જ્યાંથી વિનામૂલ્ય વીજળી ઉત્પન્ન થઈ હોય તે નવીનીકરણસ્ત્રોત પર આધાર રાખીને, લાઈસન્સધારક દ્વારા રાજ્ય સરકારની આવી વિનામૂલ્ય વીજળી (રોયલ્ટી)ની ખરીદી;

(૪) પોતાના નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી ઊર્જા, જો કોઈ હોય તો; અને

(૫) બેંકિંગ વ્યવસ્થા(ઓ) હેઠળ ઊર્જાની પ્રાપ્તિ, જે કરાર(રો) મુજબ નવીનીકરણ સ્ત્રોતોમાંથી ઉદ્ભવેલી હોય:

પરંતુ ઊર્જા પ્રાપ્તિના સંબંધમાં જવાબદાર સંસ્થા દ્વારા ઉઠાવવામાં આવતા લાગુ પડતા ટી એંડ ડી નુકસાનનો પણ આવા દરેક સ્ત્રોતો માટે ખરીદાયેલી ઊર્જાના જથ્થાની ગણતરી માટે સમાવેશ કરવામાં આવશે:

વધુમાં, જવાબદાર સંસ્થા, જ્યાં પરવાનગી આપવામાં આવી હોય ત્યાં, પહેલાથી જ તેની પાસે રહેલા પ્રમાણપત્રોને વટાવીને આરપીપીઓ પૂર્ણ કરી શકે છે:

વધુમાં, જવાબદાર સંસ્થા દ્વારા ઉપરોક્ત ખંડ (૧) થી (૫) મુજબની ઉપલબ્ધતામાંથી કોઈપણ અન્ય સંસ્થાને વેચવામાં આવેલી નવીનીકરણ ઊર્જા તેમજ ખરીદી/ઉત્પાદનના બિંદુથી આવા વેચાણના બિંદુ સુધી જવાબદાર સંસ્થા દ્વારા ઉઠાવવામાં આવેલ ટી એન્ડ ડી નુકસાન, તેના આરપીપીઓને સરભર કરવા માટે પાત્ર બનશે નહીં:

વધુમાં, આ વિનિયમોના વિનિયમ-૧૦ મુજબ આરઈસી તંત્ર હેઠળ સ્થાપિત પરિયોજનાઓમાંથી જવાબદાર સંસ્થા દ્વારા વપરાશમાં લેવાયેલી વીજળી આરપીપીઓને ઓફસેટ કરવા માટે પાત્ર બનશે નહીં:

વધુમાં, ગ્રાહક/પ્રોઝ્યુમર દ્વારા કોઈપણ વર્ષમાં નેટ મીટરિંગ/નેટ બિલિંગ/ગ્રુપ મીટરિંગ વ્યવસ્થા હેઠળ રૂફટોપ સોલાર પીવી સિસ્ટમ દ્વારા વપરાશમાં લેવાયેલી વીજળીનું પ્રમાણ, વખતોવખત સુધારવામાં આવેલા ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલાર પીવી ગ્રીડ ઇન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) વિનિયમો, ૨૦૧૬માં સમાવિષ્ટ જોગવાઈઓ મુજબ, તે વર્ષ માટે વિતરણ લાઈસન્સધારક અથવા યથાપ્રસંગ ગ્રાહક/પ્રોઝ્યુમરના આરપીપીઓ માટે અનુપાલન માટે પાત્ર ઠરશે.

વધુમાં, ભારત સરકારના વીજ મંત્રાલયના તારીખ ૧૭.૦૨.૨૦૨૨ના પત્ર નં. ૨૩/૦૨/૨૦૨૨-R&R અનુસાર, ગ્રીન હાઇડ્રોજન/ગ્રીન એમોનિયાના ઉત્પાદન માટે વપરાતી નવીનીકરણ ઊર્જા વપરાશ કરતી સંસ્થાના આરપીઓ અનુપાલન માટે ગણતરીમાં લેવામાં આવશે. ગ્રાહકની જવાબદારીથી વધુ વાપરવામાં આવેલ નવીનીકરણ ઊર્જા, પ્રોજેક્ટ જે ડીસ્કોમના વિસ્તારમાં આવેલ હોય તે ડીસ્કોમના આરપીઓ અનુપાલન માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૩) જો જવાબદાર સંસ્થાને એક વર્ષમાં એક અથવા વધુ શ્રેણીઓના આરપીપીઓ પૂર્ણ કરવામાં કોઈ ખામી રહેવાની અપેક્ષા હોય, તો તે, તે વર્ષના અંત પહેલાં સંબંધિત ટેકનોલોજી(ઓ)ના આધારે નવીનીકરણ સ્ત્રોતો પાસેથી ઊર્જા અથવા પ્રમાણપત્રો મેળવીને આવી ખામી પૂર્ણ કરશે:

પરંતુ એક વર્ષમાં આરપીપીઓની ચોક્કસ શ્રેણી માટેની ખામીને, આ વિનિયમોના વિનિયમ-૪ના પેટા-વિનિયમ (૪)માં કરવામાં આવેલી જોગવાઇ મુજબ, અન્ય આરપીપીઓ શ્રેણી હેઠળની ફાજલ ઊર્જાની ઉપલબ્ધતા સામે ગોઠવણ કરીને, કોષ્ટક-૧ અને ૨ હેઠળ આપવામાં આવેલ પરવાનગીની હદ સુધીની ફાજલ (સરપ્લસ) ઊર્જા સુધી સરભર કરી શકાશે:

પરંતુ સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ અથવા તે હેઠળ ઘડવામાં આવેલી કાર્યપદ્ધતિમાં, પ્રમાણપત્ર ગુણકોના આધારે પ્રમાણપત્રોની આંતર-શ્રેણીમાં તબદીલી કરવાની જોગવાઇ કરવામાં આવી હોય, તો આવા ગુણકો, ઊર્જાની અધુરપને સરભર કરવા અથવા ફાજલ ઊર્જાની ગણતરી કરવા માટે લાગુ પડશે, અને કેન્દ્રીય આયોગ દ્વારા મંજૂર કરાયેલ આવા પ્રમાણપત્ર ગુણકને યોગ્ય રીતે લાગુ કરીને, અન્ય આરપીપીઓ શ્રેણીઓને લગતા પ્રમાણપત્રો ખરીદીને, કોઈપણ આરપીપીઓ શ્રેણીમાં રહેલી કોઇપણ અધુરપને પૂર્ણ કરી શકાશે.

(૪) કોઈપણ નાણાકીય વર્ષમાં કોઇપણ જવાબદાર સંસ્થા તેની આરપીપીઓ પૂર્ણ નહીં કરે, તો તેની સાથે આ વિનિયમોના વિનિયમ-૯માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૬. કેન્દ્રીય આયોગના વિનિયમો હેઠળ પ્રમાણપત્રો. -

(૧) આ વિનિયમોમાં સમાવિષ્ટ શરતોને આધીન રહીને, સીઇઆરસી (આરઇસી) વિનિયમો, ૨૦૨૨ અને સીઇઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૧૦ હેઠળ આપવામાં આવેલા પ્રમાણપત્રો, આરપીપીઓના અમલીકરણ માટે માન્ય સાધન (ઈંસ્ટ્રુમેન્ટ) રહેશે.

(૨) વધુમાં, આ વિનિયમોની જોગવાઈઓ અને આયોગ દ્વારા વખતોવખત આપવામાં આવેલા નિર્દેશોને અધીન રહીને, જવાબદાર સંસ્થા તેમજ રાજ્ય એજન્સી આરપીપીઓ પૂર્ણ કરવા માટે, આરઇસી પ્રમાણપત્રોને લગતી બાબતોના સંદર્ભમાં, સીઇઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ અને સીઇઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૧૦ અનુસાર કાર્ય કરશે.

(૩) પેટા-વિનિયમ (૧)માં જણાવેલ કેન્દ્રીય આયોગના વિનિયમોના સંદર્ભમાં જવાબદાર સંસ્થા દ્વારા વીજ વિનિમયોમાંથી અથવા વીજ વેપારીઓ મારફત ખરીદવામાં આવેલા પ્રમાણપત્રોની વિગતો, તેના સ્ત્રોત સાથે, રાજ્ય એજન્સીને રજૂ કરવાની રહેશે.

(૪) જવાબદાર સંસ્થા, સીઇઆરસી આરઈસી વિનિયમો, ૨૦૨૨ની જોગવાઈઓ હેઠળ ઘડવામાં આવેલ કાર્યપદ્ધતિને, આ વિનિયમો તેમજ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ નિર્દેશો, જો કોઇ હોય તો, સાથે વાંચતાં, તે મુજબ, સંબંધિત આરપીપીઓ શ્રેણીના નવીનીકરણ સ્ત્રોતોમાંથી ખરીદેલી/ઉત્પાદિત ઊર્જાનો એવો ભાગ જે વર્ષમાં અસમાયોજિત/વણવેચાયેલો રહેતો હોય તેના માટે પ્રમાણપત્રો મેળવવા અરજી કરવાને પાત્ર રહેશે.

(૫) વીજળી ખરીદનાર/વપરાશકર્તા આરઈસી પદ્ધતિ હેઠળની ખરીદીઓ સિવાય, આરપીપીઓને સરભર કરવા અને નવીનીકરણ ઊર્જાની ફાજલ, જો કોઈ હોય તો,ની ખરીદી માટે આરઇસી મેળવવા માટે વિશિષ્ટ રીતે હકદાર રહેશે.

(૬) પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર સંસ્થા દ્વારા અરજી કરવામાં આવ્યેથી, રાજ્ય એજન્સી, તે જવાબદાર સંસ્થા તે માટે હકદાર હોવા વિશે સંતોષકારક રીતે ખાતરી કર્યા પછી, પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર સંસ્થાની માન્યતા અંગેની પ્રક્રિયા શરૂ કરશે.

(૭) આરઈસી તંત્ર હેઠળના (હોય તે સિવાયના) વીજ ખરીદી કરાર(રો) સિવાયના, વિતરણ લાઇસન્સધારકને વીજળી વેચતા નવીનીકરણ ઊર્જા ઉત્પાદકો, જે નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો (રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટ્સ (આરઈસી)) (હવે પછી અહીં જેનો ઉલ્લેખ "આરઈસી" તરીકે કરવામાં આવ્યો છે) જારી કરવા માટે આરઈસી તંત્ર હેઠળની માન્યતા (એક્રેડીટેશન) સામે વિતરણ લાઇસન્સધારક પોતાના આરપીપીઓ સરભર કરવા માટે પાત્ર છે તે નવીનીકરણ ઊર્જા સામે તેના આરપીપીઓને ઓફસેટ કરવા માટે પાત્ર રહેશે નહીં.

(૮) રાજ્ય એજન્સી અને અન્ય સંબંધિત એજન્સીઓ સુનિશ્ચિત કરશે કે આરઈસી તંત્ર હેઠળ માન્યતા માટે કોઈપણ નવીનીકરણ ઊર્જા ઉત્પાદકને અને આ વિનિયમના પેટા-વિનિયમ (૭) મુજબ જે ઊર્જા માટે તેઓ આવી માન્યતા માટે પાત્ર નથી તેના સંદર્ભમાં આરઈસી જારી કરવા માટે આરઈસી તંત્ર હેઠળ કોઈ પરવાનગી આપવામાં ન આવે.

(૯) રાજ્ય એજન્સી અને અન્ય સંબંધિત એજન્સીઓએ, નવીનીકરણ ઊર્જા ઉત્પાદક (જનરેટર)ને માન્યતા તેમજ આરઈસી જારી કરવા માટે કોઈપણ પરવાનગી આપતાં પહેલાં એ જોવું પણ જરૂરી બનશે કે, ઉત્પાદક તેના નવીનીકરણ ઊર્જા પ્રોજેક્ટમાંથી જેને ઊર્જા વેચી રહ્યા છે અથવા અન્યથા પૂરી પાડી રહ્યા છે તેને આવા ઉત્પાદકે, આવી ઊર્જાને આ વિનિયમોની જોગવાઈઓ અનુસાર આવા નવીનીકરણ જનરેટર દ્વારા પ્રમાણપત્ર મેળવવા માટે આરપીપીઓને સરભર કરવાના હેતુથી સમાયોજિત કરવામાં આવી નથી/ કરવામાં આવશે નહીં, એ મતલબનું પ્રમાણપત્ર સંબંધિત સંસ્થા પાસેથી પૂરું પાડ્યું હોય.

૭. રાજ્ય એજન્સી. -

(૧) સીઇઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ અને આ વિનિયમોના હેતુ માટે, ગુજરાત સરકારની ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, રાજ્ય એજન્સી રહેશે, જે સીઇઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ હેઠળ આપવામાં આવેલી સત્તા અને કાર્યોને બાધક બન્યા વિના રાજ્ય વિશિષ્ટ બાબતોને પૂર્ણ કરશે:

પરંતુ આયોગ પોતે, કોઈ અન્ય એજન્સીને, આવી એજન્સી આ વિનિયમો અને સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ અથવા સીઈઆરસી આરઈસી વિનિયમો, ૨૦૨૨ હેઠળ કેન્દ્રીય એજન્સી દ્વારા ઘડવામાં આવેલી કાર્યપદ્ધતિ હેઠળ જોગવાઈ કરવામાં આવેલાં કાર્યો કરવાની આવશ્યક ક્ષમતા ધરાવતી હોવાની સંતોષકારક રીતે ખાતરી કર્યા પછી, રાજ્ય એજન્સી તરીકે નિયુક્ત કરી શકે છે.

(૨) રાજ્ય એજન્સી, સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ને આયોગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલા નિર્દેશો, જો કોઈ હોય તો, સાથે વાંચતાં, તે હેઠળ ઘડવામાં આવેલી કાર્યપદ્ધતિઓ સહિત, તેની જોગવાઈઓ અનુસાર કાર્ય કરશે.

(૩) આરપીપીઓના દેખરેખનિયંત્રણ માટે વેબ પોર્ટલ વિકસાવવું:

(૧) રાજ્ય એજન્સી, આયોગ સાથે પરામર્શ કરીને, જવાબદાર સંસ્થાઓની નોંધણી માટે અને આરપીપીઓના અનુપાલન, દેખરેખનિયંત્રણ અને રિપોર્ટિંગ વગેરે માટે, આરપીપીઓ વેબ-પોર્ટલ વિકસાવશે અને જાળવશે અને સાથે સાથે આવી પ્રવૃત્તિઓના સંબંધમાં વેબ-પોર્ટલના સરળ સંચાલન માટે યોગ્ય કાર્યપદ્ધતિ ઘડશે.

(૨) આરપીપીઓ વેબ-પોર્ટલ વિકસાવવામાં અને ખંડ ૭ (૩) (૧) હેઠળ કાર્યપદ્ધતિઓ ઘડવામાં આવે તે પછી, રાજ્ય એજન્સી જાહેર સૂચનાઓ આપીને વેબ-પોર્ટલને કાર્યરત જાહેર કરશે:

પરંતુ આવા વેબ પોર્ટલને, આ હેતુ માટે વિકસાવવામાં આવેલા રાષ્ટ્રીય વેબ-પોર્ટલ હેઠળ ઉપલબ્ધ/આયોજિત સુવિધા સાથે યોગ્ય રીતે સંકલિત કરવામાં આવશે.

(૪) આરપીપીઓ અનુપાલન અહેવાલ

(૧) રાજ્ય એજન્સી, જવાબદાર સંસ્થા(ઓ) દ્વારા નવીનીકરણવીજ ખરીદી જવાબદારીના અનુપાલનના સંદર્ભમાં, આ વિનિયમોના પરિશિષ્ટ-૧માં આપેલ ફોર્મેટમાં ત્રિમાસિક તેમજ વાર્ષિક ધોરણે આયોગને સ્થિતિ-અહેવાલ રજૂ કરશે. આયોગ રિપોર્ટિંગ ફોર્મેટમાં વખતોવખત ફેરફાર કરી શકશે.

(૨) રાજ્ય એજન્સી, જો જરૂરી હોય તો, નવીનીકરણવીજળી ખરીદી જવાબદારીના અનુપાલન માટે આયોગને યોગ્ય પગલાં લેવાની ભલામણ પણ કરી શકે છે.

(૫) આયોગ વખતોવખત આ વિનિયમો અને સીઈઆરસી (આરઈસી) વિનિયમો, ૨૦૨૨ હેઠળ રાજ્ય એજન્સીને તેનાં કાર્યો કરવા માટે ચૂકવવાપાત્ર મહેનતાણું અને શુલ્ક નક્કી કરી શકે છે.

૮. જવાબદાર સંસ્થાઓ દ્વારા નોંધણી અને રિપોર્ટિંગ. -

(૧) રાજ્ય એજન્સી સાથે પહેલાથી જ ઓફ લાઇન નોંધાયેલ હોય તે સહિતની જવાબદાર સંસ્થાઓએ, વિનિયમ-૭ના પેટા-વિનિયમ (૩)ના ખંડ (૨) હેઠળ, આરપીપીઓ વેબ-પોર્ટલને કાર્યરત જાહેર કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર, અથવા આ વિનિયમ હેઠળ તે જવાબદાર સંસ્થા તરીકે લાયક ઠરે તે તારીખથી, જે બેમાંથી જે મોડું હોય ત્યારથી, આરપીપીઓ વેબ-પોર્ટલ પર ફરજિયાતપણે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે, અને વિનિયમ-૭ના પેટા-વિનિયમ (૩)ના ખંડ (૧) હેઠળ રાજ્ય એજન્સી દ્વારા ઘડવામાં આવેલી કાર્યપદ્ધતિ અનુસાર ત્રિમાસિક અને વાર્ષિક ધોરણે જરૂરી માહિતી પણ પૂરી પાડવાની રહેશે.

(૨) જવાબદાર સંસ્થાઓને, નવીનીકરણ સ્ત્રોતોમાંથી તેમના દ્વારા વપરાશમાં લેવાયેલી ઊર્જાને, આ વિનિયમોના વિનિયમ-૫ના પેટા-વિનિયમ (૨) અનુસાર કોઈપણ અનુક્રમમાં સમાયોજિત કરવાનો અને આરપીપીઓને સરભર કર્યા પછી ફાજલ નવીનીકરણ ઊર્જા, જો કોઈ હોય તો તેની ખરીદી માટે પ્રમાણપત્રો મેળવવાનો વિશિષ્ટ અધિકાર રહેશે.

(૩) જવાબદાર સંસ્થાઓ, આ વિનિયમોના વિનિયમો-૪ અને ૫ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલી જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, કુલ વીજળીની વપરાશ, નવીનીકરણ સ્ત્રોતો અથવા નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્ર(ત્રો)માંથી ખરીદેલી વીજળી અને આરપીપીઓ પૂરી કરવામાં થયેલી ખાધ અથવા યથાપ્રસંગ ફાજલ બચેલી ઊર્જા અને ખાધનાં કારણો, જો કોઈ હોય તો, અને આરપીપીઓ માટેની યોજનાઓ તેમજ રાજ્ય એજન્સીને જોઈતી અન્ય કોઈપણ માહિતી, ત્રિમાસિક ધોરણે, આગામી ત્રિમાસિક ગાળાના છઠ્ઠા અઠવાડિયાના અંત પહેલાં અને આગામી વર્ષની ૧૫મી મેના રોજ અથવા તે પહેલાં વાર્ષિક સંકલિત અહેવાલ, ઓનલાઈન રજૂ કરશે:

પરંતુ વિનિયમ-૭ના પેટા-વિનિયમ-(૩)ના ખંડ (૨) હેઠળ આરપીપીઓ વેબ-પોર્ટલ સંપૂર્ણપણે કાર્યરત ન થાય ત્યાં સુધી, આવી માહિતી ભૌતિક સ્વરૂપમાં રાજ્ય એજન્સીને રજૂ કરવાની રહેશે.

(૪) રાજ્ય એજન્સી, વિતરણ લાઇસન્સધારક સિવાયની જવાબદાર સંસ્થાઓ પાસે, આ વિનિયમના પેટા-વિનિયમ (૨) અને (૩) મુજબ ડેટા પોતાની સમક્ષ રજૂ કરાવશે અને તેને યોગ્ય સત્તામંડળો પાસે તેમની ચકાસણી કરાવશે. એટલે કે ઓપન એક્સેસ ગ્રાહકોના કિસ્સામાં નોડલ એજન્સી પાસે અને સહ-સ્થિત કેપ્ટિવ ગ્રાહકોના કિસ્સામાં વિતરણ લાઇસન્સધારક દ્વારા નામનિયુક્ત અધિકારીઓ પાસે:

પરંતુ આયોગ, રાજ્ય એજન્સીની રજૂઆતોમાંથી યોગ્ય લાગે, તો જવાબદાર સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતોની ચકાસણી માટે તૃતીય-પક્ષ એજન્સીની પણ નિમણૂંક કરી શકશે.

(૫) આ વિનિયમના પેટા-વિનિયમો (૨), (૩) અને (૪)માં કરવામાં આવેલી જોગવાઈ સિવાય, વિતરણ લાઇસન્સધારક, આયોગ દ્વારા ઘડવામાં આવેલા વિનિયમો મુજબ MYT ટેરિફ/ARR પિટિશનમાં આગામી વર્ષ(ઓ) માટે આરપીપીઓની દરેક શ્રેણીને લગતા નવીનીકરણ સ્ત્રોતોમાંથી ખરીદીનું અંદાજિત પ્રમાણ પણ તેના પૂરતા પુરાવા સાથે દર્શાવશે. ખરીદીનું અંદાજિત પ્રમાણ દર્શાવતી વખતે, આ વિનિયમોના વિનિયમ-જની જોગવાઈઓને યોગ્ય રીતે ધ્યાનમાં લેવાની રહેશે.

(૬) રાજ્ય એજન્સી તેની વેબસાઇટ પર વિનિયમ-૭ના પેટા-વિનિયમ (૪)ના ખંડ (૧) મુજબ, જવાબદાર સંસ્થાઓ દ્વારા આરપીપીઓના અનુપાલનની સ્થિતિ દર્શાવશે.

૯. અનુપાલન અને દેખરેખ નિયંત્રણ:

૧ મેગાવોટથી વધુ ક્ષમતા ધરાવતા નવીનીકરણ ઊર્જા સ્ત્રોતો સિવાયના સ્ત્રોતોમાંથી વીજળી મેળવતી/વાપરતી જવાબદાર સંસ્થાઓએ, સંબંધિત નાણાકીય વર્ષ પૂરું થયા પછી આયોગ સમક્ષ (૩૦ જૂન પહેલાં) અરજી દાખલ કરવાની રહેશે, જેમાં આ વિનિયમની જોગવાઈઓનું પાલન કરીને તેમના દ્વારા પૂર્ણ કરાયેલ નવીનીકરણખરીદી જવાબદારીની વિગતો જે તે નાણાકીય વર્ષની પૂરી પાડવાની રહેશે. જવાબદાર સંસ્થાઓએ પરિશિષ્ટ-૧માં પૂરા પાડવામાં આવેલા, આ વિનિયમોના ભાગ એવા નિર્દિષ્ટ ફોર્મેટમાં, આરપીપીઓના અનુપાલન અંગેની વિગતો પણ ત્રિમાસિક ધોરણે પૂરી પાડવાની રહેશે. આવા ફોર્મેટમાં આયોગ વખતોવખત જરૂર મુજબ સુધારો કરી શકાશે.

પરંતુ નવીનીકરણ ઊર્જા સ્ત્રોતો સિવાયના સ્ત્રોતોમાંથી ૧ મેગાવોટથી ઓછી વીજળી મેળવતી/વાપરતી જવાબદાર સંસ્થાઓએ, રાજ્ય એજન્સીને આરપીપીઓના અનુપાલનની વિગતો પૂરી પાડવાની રહેશે. આવા કિસ્સામાં, રાજ્ય એજન્સીએ સંબંધિત નાણાકીય વર્ષ પૂરું થયા પછી, આયોગ સમક્ષ આરપીપીઓના અનુપાલન અંગેની અરજી દાખલ કરવાની રહેશે, જેમાં આગામી નાણાકીય વર્ષની ૩૦ જૂન પહેલાં આ વિનિયમોની જોગવાઈઓનું પાલન કરીને આવી જવાબદાર સંસ્થાઓ દ્વારા પૂર્ણ કરાયેલ નવીનીકરણ ખરીદીની જવાબદારીની વિગતો પૂરી પડવાની રહેશે.

વધુમાં, જવાબદાર સંસ્થા તેની વેબસાઇટ પર ત્રિમાસિક ધોરણે નવીનીકરણ ઊર્જા ખરીદીની વિગતો અને આરપીઓના અનુ પાલનની સ્થિતિ અપલોડ કરશે. રાજ્ય નોડલ એજન્સી, તેની વેબસાઇટ પર જવાબદાર સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ આરપીઓ અનુપાલનની વિગતો પણ અપલોડ કરશે.

૧૦. કસૂરનાં પરિણામો. -

(૧) કોઈપણ વર્ષ દરમિયાન, જવાબદાર સંસ્થા આ વિનિયમોમાં જોગવાઈ મુજબ નવીનીકરણ ખરીદી જવાબદારી પૂરી ન કરે અને પ્રમાણપત્રો પણ ન ખરીદે, તો આયોગ જવાબદાર સંસ્થાને ઊર્જા સંરક્ષણ અધિનિયમની કલમ ૨૬ની પેટા-કલમ (૩) મુજબ, નવીનીકરણ ઊર્જાના વપરાશનાં નિર્દિષ્ટ લક્ષ્યાંકોમાં ખામી માટે, વધારાના દંડ તરીકે TOEની બમણી કિંમત ચૂકવવાનો નિર્દેશ આપી શકશે.

પરંતુ TOE મૂલ્યની કિંમત, આવી દંડની રકમ નક્કી કરવાની તારીખે અમલમાં હોય તેવા, વીજ મંત્રાલયના જાહેરનામાં મુજબ ગણવામાં આવશે.

ઉદાહરણ

૧. અમલમાં હોય તેવા, વીજ મંત્રાલયના જાહેરનામામાં નિર્દિષ્ટ કરાયેલ TOE મૂલ્ય મુજબ દંડની ગણતરી. ૧ TOE = ૧૧,૬૩૦ KWh,

૨. ૧ TOE નું મૂલ્ય: રૂ. ૨૧,૬૫૦.૦૦ (વીજ મંત્રાલયના તા. ૨૬.૧૨.૨૦૨૩ના ગેઝેટ નોટિફિકેશન મુજબ),

૩. પૂર્ણ ન થયેલા આરપીઓ૧ના ૧ યુનિટ (KWh) દીઠ દંડ:

૨ x ૨૧,૬૫૦/૧૧,૬૩૦ KWh = ૩.૭૨ રૂપિયા (પૂરે આંકડે)

આરપીપીઓના ખૂટતા એકમોના આધારે આયોગ નક્કી કરે તે દંડની રકમ, એક અલગ ભંડોળમાં જમા કરાવવાની રહેશે, જે આવી જવાબદાર સંસ્થા અથવા યથાપ્રસંગ રાજ્ય એજન્સી દ્વારા ઊભું કરવામાં અને જાળવવામાં આવશે.

પરંતુ, આ રીતે ઊભા કરવામાં આવેલા ભંડોળનો ઉપયોગ આયોગ દ્વારા નિર્દેશિત કરવામાં આવે તે મુજબ અંશતઃ પ્રમાણપત્રો ખરીદવા માટે અને અંશતઃ નવીનીકરણ સ્ત્રોતો પર આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી વીજળીનો જથ્થો સ્થળાંતર કરાવવા માટેનું ટ્રાન્સમિશન/સબ-ટ્રાન્સમિશન આધારમાળખું વિકસાવવા માટે કરવામાં આવશે:

વધુમાં, જવાબદાર સંસ્થાઓ આયોગની પૂર્વ મંજૂરી વિના આ વિનિયમોને અનુસરીને ઊભા કરવામાં આવેલ ભંડોળનો ઉપયોગ કરવા માટે અધિકૃત રહેશે નહીં:

આ ઉપરાંત આયોગ, રાજ્ય એજન્સીના એક અધિકારીને, ભંડોળની ઉપલબ્ધ રકમમાંથી, જવાબદારીઓ પૂરી કરવામાં રહેલી ખાધ પૂરી કરવા સુધીની વીજળી, વીજ વિનિમય(યો) થકી અથવા વીજ વેપારીઓ દ્વારા જરૂરી સંખ્યામાં પ્રમાણપત્રો દ્વારા મેળવવાની સત્તા આપી શકે છે.

(૨) કોઈ જવાબદાર સંસ્થા, વિનિયમ-૮ હેઠળ જોગવાઇ કરવામાં આવ્યા મુજબની જરૂરી માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય, અને/અથવા આ વિનિયમ હેઠળ જોગવાઇ કરવામાં આવ્યા મુજબના નવીનીકરણ સ્ત્રોતોમાંથી જરૂરી ટકાવારીની ઊર્જા ખરીદવાની જવાબદારીનું પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા નવીનીકરણ ઊર્જા પ્રમાણપત્રો ખરીદવામાં નિષ્ફળ જાય, તો તે અધિનિયમની કલમ-૧૪૨ હેઠળ આયોગ દ્વારા લાદવામાં આવી શકે તે મુજબના દંડને પાત્ર બનશે:

પરંતુ પ્રમાણપત્રોની બિનઉપલબ્ધતાને કારણે નવીનીકરણ ઊર્જા ખરીદીની જવાબદારીનું પાલન કરવામાં ખરેખર મુશ્કેલી પડે, તો જવાબદાર સંસ્થા, આ વિનિયમોના વિનિયમ-૫ના પેટા-વિનિયમ (૩) મુજબ, આરપીપીઓમાં રહેલી ખાધ આગળ ખેંચવા માટે સંપૂર્ણ વિગતો સાથે આયોગનો સંપર્ક કરી શકે છે:

વધુમાં, જો આયોગે અનુપાલનની જરૂરિયાતને આગળ ખેંચવાની સંમતિ આપી હોય, તો આ વિનિયમના પેટા-વિનિયમ (૧)ની જોગવાઈઓ અથવા અધિનિયમની કલમ-૧૪૨ની જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવશે નહીં.

૧૧. આરઈસી તંત્ર હેઠળ વીજળીની ખરીદી.

(૧) "આરઈસી તંત્ર હેઠળ ખરીદેલી ઊર્જા" એટલે ૧૮ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ અથવા તે પછીના વીજ ખરીદી કરાર(રો) અથવા અન્ય કોઈપણ વ્યવસ્થા હેઠળ, નવીનીકરણ સ્ત્રોતોમાંથી જવાબદાર સંસ્થા દ્વારા વપરાશમાં લેવાયેલી ઊર્જા, જેમાં ચોક્કસ જોગવાઈઓ કરવામાં આવી છે કે આવી ખરીદી, જવાબદાર સંસ્થાને, આ રીતે ખરીદવામાં આવેલી ઊર્જાના જથ્થા માટે, તેના પર્યાવરણ અનુકૂળ (Green attribute) લક્ષણોના સંબંધમાં કરવામાં આવતા વ્યવહાર માટે હકદાર બનાવશે નહીં.

આયોગ, વિતરણ લાઇસન્સધારક દ્વારા વીજળીની ખરીદી માટે, આયોગને યોગ્ય જણાય તેવા સમયાંતરે, વિતરણ લાઇસન્સધારક દ્વારા જુદા જુદા સ્ત્રોતોમાંથી વીજળીની ખરીદીના સરેરાશ ખર્ચને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને આરઈસી તંત્ર હેઠળના દર અને અન્ય સંબંધિત શરતો નક્કી કરી શકશે:

પરંતુ આયોગ દ્વારા તા. ૨૮.૦૮.૨૦૨૪ના, વર્ષ ૨૦૨૪ના હુકમ નંબર-૪થી નક્કી કરાયેલ 'એવરેજ પુલ્ડ પર્ચેઝ કોસ્ટ' (APPC) માટે દર, તા.૩૧.૦૩.૨૦૨૪ સુધીના સમયગાળા માટે આ વિનિયમો હેઠળ નક્કી કરાયેલ દર તરીકે ગણવામાં આવશે.

૧૨. અપરોહી અસર - અધિનિયમ હેઠળ ટેરિફ નક્કી કરવા અને/અથવા ઓપન એક્સેસ માટે જોગવાઈઓ કરવા અંગે આયોગ દ્વારા ઘડવામાં આવેલા અન્ય કોઈપણ વિનિયમોમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, આ વિનિયમોની જોગવાઈઓ, જેમાં આ વિનિયમો હેઠળ વખતોવખત આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશો અથવા નિર્દેશોનો સમાવેશ થાય છે, તે અમલમાં રહેશે.

